**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. II-૬૪-૨૦૧૪-૧૫**

અરજદાર: શ્રી દલપતસિંહ લાલસિંહ ઝાલા
મુ. પો.: પુનાદરા,
તા. કપડવંજ, જી. ખેડા,

રજુઆત કરનાર: દલપતસિંહ લાલસિંહ ઝાલા

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
પેટા-વિભાગીય કચેરી, કપડવંજ (આર.ઇ.સી.).

રજુઆત કરનાર: શ્રી આર.એમ.પટેલ, નાયબ ઇજનેર, એમજીવીસીએલ, કપડવંજ (આર.ઇ.સી.) પેટા-વિભાગીય કચેરી.

તા. ૧૯.૦૯.૨૦૧૪ ના રોજ ગ્રાહકની તકરાર બાબતનો કેસ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ સાંભળ્યો. જેમાં ફરિયાદી તરફે ફરિયાદી દલપતસિંહ લાલસિંહ ઝાલા જાતે હાજર રહ્યા. જ્યારે સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી આર. એમ. પટેલ, ડી.ઇ., કપડવંજ (આરઇસી) સબ-ડિવિઝન હાજર રહ્યા.

કેસની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરિયાદી શ્રી દલપતસિંહ લાલસિંહ ઝાલા એ (સર્વે નં. ૩૭ પૈકી ખાતા નં. ૧૭૫ મુ.પો. પુનાદરા, તા. કપડવંજ, જી. ખેડા માટે)ખેતી વિષયક વીજ જોડાણ વિકલ્પ-K માં મેળવવા માટે તા. ૦૧.૦૧.૧૨ ના રોજ અરજી કરેલ.
૨. ત્યારબાદ તા. ૦૯.૧૧.૧૩ ના રોજ તત્કાલ વીજ કનેક્શન માટે તબદીલ કર્યું.
૩. કંપનીના નિયમ મુજબ ખાતા નંબર અલગ હોય તો ડી.આઇ.એલ.આર. ની માપણી શીટની માંગણી કરવામાં આવેલ.
૪. ફરિયાદીએ ડી.આઇ.એલ.આર. ની માપણી શીટ રજૂ કરેલ. ફરિયાદીને એસ્ટીમેટ આપવામાં આવેલ. ફરિયાદીએ એસ્ટીમેટ મુજબ તે રકમ તા. ૧૯.૦૬.૧૪ ના રોજ ભરપાઇ કરેલ.
૫. એસ્ટીમેટ ભર્યા બાદ એમ.જી.વી.સી.એલ. ના ટી.સી. અને લાઇનનું કામ પૂર્ણ કરેલ. પરંતુ વીજ કનેક્શન આપેલ નહિં.

૬. ફરિયાદીને તા. ૦૭.૦૮.૧૪ નો પત્ર લખી જણાવવામાં આવેલ કે, માપણીશીટમાં ખાતા નંબર હાથથી લખવામાં આવેલ હોઇ વીજ કનેક્શન મળી શકે નહીં. ખાતા નંબર કોમ્પ્યુટરથી લખેલ હોય તો જ વીજ કનેક્શન મળી શકે.

૭. ફરિયાદીએ જમીન માપણી અધિકારીનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે ખાતા નંબર હાથથી જ લખવામાં આવે છે. કોમ્પ્યુટરથી નહીં.

આમ ફરિયાદને ઓફિસના નીતિ વિષયક બાબતને કારણે વીજ જોડાણ મળેલ નથી. તેથી વીજ જોડાણ મેળવવા હાલના ફોરમ સમક્ષ માંગણી કરેલ છે.

રૂબરૂ સુનાવણી વખતે ફરિયાદીએ રજૂઆત કરેલ છે કે, સર્વે નં. ૩૭ પૈકી માં તેઓનો ખાતા નં. અલગ છે. એમ.જ.વી.સી.એલ. ના એ માંગ્યા મુજબ ના તમામ દસ્તાવેજો તેઓએ રજૂ કર્યા છે. તેથી તત્કાલ વીજ કનેક્શન અપાવવા માટે વિનંતી કરેલ.

સામાવાળા તરફે શ્રી આર. એમ. પટેલે હાજર રહી રજૂઆત કરેલ છે કે ફરિયાદીએ તા. ૦૧.૦૧.૧૨ ના રોજ વિકલ્પ-K અંતર્ગત ખેતીવિષયક વીજ જોડાણ મેળવા અરજી કરેલ. ત્યારબાદ તા. ૦૯.૧૧.૧૩ ના રોજ તત્કાલમાં તબદિલ કરેલ. એમ.જી.વી.સી.એલ. તરફથી તા. ૧૮.૦૩.૧૪ ના રોજ ના પત્રથી ડી.આઇ.એલ.આર. ની માપણી શીટ ની માંગણી કરવામાં આવેલ. ફરિયાદીની અરજી તમામ દસ્તાવેજ સાથે સબ-ડિવિઝન માં તા. ૨૪.૦૩.૧૪ ના રોજ મોકલવામાં આવેલ. ફરિયાદીને એસ્ટીમેટ આપવામાં આવેલ. તા. ૧૯.૦૬.૨૦૧૪ ના રોજ એસ્ટીમેટ મુજબની રકમ ભરપાઇ કરેલ. ફરિયાદીએ ત્યારબાદ તા. ૧૦.૦૭.૧૪ સુધીમાં વીજ કનેક્શન રીલીઝ કરવા માટેની લાઇનનું અને ટીસીનું કામ પૂર્ણ કરવામાં આવેલ. તા. ૩૧.૦૭.૧૪ ના રોજ ડિવિઝન ઓફિસ તરફથી પત્ર મળેલ. જેમાં જણાવેલ કે, હાથથી લખેલ ડી.આઇ.એલ.આર. શીટ માન્ય નથી.

ફરિયાદીને તા. ૦૭.૦૮.૧૪ નો પત્ર લખી ફરિયાદીને ૧૦ દિવસમાં કોમ્પ્યુટર થી છાપેલ માપણી શીટ રજૂ કરવા જણાવેલ. જે રજૂ કરવામાં ફરિયાદી નીષ્ફળ નીવડેલ હોઇ વીજ કનેક્શન આપવામાં આવેલ નથી.

ફોરમના સભ્યો સુનાવણી દરમ્યાન હાજર રહ્યા અને બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજોને ધ્યાનમાં લીધા. ડી.આઇ.એલ.આર. દ્વારા ફરિયાદીને હાથથી લખેલ ખાતા નંબર વાળી માપણી શીટ આપવામાં આવેલ છે. એમ.જી.વી.સી.એલ. નાએ તે માપણી શીટ માન્ય રાખેલ નથી અને કોમ્પ્યુટર થી લખેલ માપણી શીટનો આગ્રહ રાખેલ છે. પરંતુ ડી.આઇ.એલ.આર. કોઇક કારણસર કોમ્પ્યુટરથી લખેલ માપણી શીટ આપી શકતા ન હોય તો ગ્રાહકને વીજ કનેક્શનથી વંચિત રાખી શકાય નહીં. જીલ્લા નિરીક્ષક; જમીન દફતર, ખેડાનાએ તા. ૩૦.૫.૧૪ ના રોજ એમ.જી.વી.સી.એલ. ને લખેલ પત્ર મુજબ તેઓની ઓફિસમાં ખાતા નંબર નીભાવવામાં આવતા ન હોવાથી તેઓ કોમ્પ્યુટર થી ખાતા નંબર લખેલ માપણી શીટ આપી શકે નહીં. પરંતુ ખાતા નંબર ક/અ ઉપરથી જાણી શકાય. પરંતુ માપણી શીટમાં દર્શાવી શકાય નહીં. કારણકે તેઓની ઓફિસમાં ખેડૂત ખાતાવહી નીભાવવામાં આવતી નથી. આમ, જ્યારે ડી.આઇ.એલ.આર. ની માપણી શીટમાં કોમ્પ્યુટરથી ખાતા નંબર લખી આપી શકતા ન હોય

ત્યારે ગ્રાહક પાસેથી કોમ્પ્યુટરથી લખેલ માપણી શીટનો આગ્રહ રાખી શકાય નહીં. ફરિયાદીએ રજૂ કરેલ ૭/૧૨ ના ઉતારા, ૮-અ ના ઉતારા, મોજે- ગામ પુનાદરા, તા. કપડવંજ, જી. ખેડા ના સર્વે નં. ૩૭ ના નકશાની નકલ, સર્વે નં. ૩૭ પૈકીની માપણીની નકલ (જેમાં ખાતા નંબર હાથથી લખવામાં આવેલ છે તે) મુજબ વીજ કનેક્શન આપી શકાય. ફરિયાદીએ રજૂ કરેલ નકશો જોતા ચતુર્સીમા મુજબના અલગ ખાતા નંબરનો ખ્યાલ આવી જાય છે.

ફોરમના મંત્વય મુજબ ગ્રાહકે રજૂ કરેલ સર્વે નં. ૩૭ પૈકી ખાતા નં. ૧૭૫ મુ. પુનાદરા, તા. કપડવંજ, જી. ખેડાના જમીન માપણી શીટના (જેમાં ખાતા નંબર હાથથી લખવામાં આવેલ છે તેના) આધારે કનેક્શન આપવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હીત જળવાઇ રહેશે તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

એમ.જી.વી.સી.એલ.ને હુકમ કરવામાં આવે છે કે ફરિયાદી શ્રી દલપતસિંહ લાલસિંહ ઝાલાને સર્વે નં. ૩૭ પૈકી ખાતા નં. ૧૭૫, મુ.પો. પુનાદરા, તા. કપડવંજ, જી. ખેડા મુકામે વીજ જોડાણ આપવું.

| | | |
|---|---|---|
| (એમ. એમ. મરાઠે) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.
(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.
(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.
(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.
(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.
(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.
(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.
(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.
(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.